કમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષાની કામગીરી/આયોજન ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઉપરાંત અન્ય યુનિવર્સિટીઓને સોંપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક
સચિવાલય-ગાંધીનગર
તારીખ:-૧૦-૧૨-૧૫

વંચાણે લીધા:૧. સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા. ૩૦-૦૯-૦૬

૨. સા.વ.વિ.ના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક,તા.૦૧-૦૩-૧૪

૩. સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૧-ક, તા.૦૭-૧૧-૧૫

૪. સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક, તા.૦૯-૧૨-૧૫

<u>પરિપત્ર:</u>

ઉપર વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક: (૧) થી રાજય સરકારના કર્મચારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી./ સી.સી.સી. પ્લસ ની પરીક્ષાઓ અનિવાર્ય બનાવવામાં આવી છે. આ પરીક્ષાઓ પૈકી સી.સી.સી.ની પરીક્ષા લેવાના હેતુસર ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૩) અને (૪) ના ઠરાવથી કુલ ૮ યુનિવર્સિટીઓને માન્યતા આપવામાં આવી છે. ઉક્ત યુનિવર્સિટીઓ દ્વારા રાજયના સી.સી.સી. પરીક્ષાના ઉમેદવારોની સરળતાથી પરીક્ષા લઇ શકાય તે હેતુથી આ સાથેના પરિશિષ્ટ ક્રમ-૧ માં દર્શાવ્યા પ્રમાણે જે તે યુનિવર્સિટીને જિલ્લાની ફાળવણી કરવામાં આવી છે. તદનુસાર માન્યતા આપેલ તમામ યુનિવર્સિટીઓએ તેઓને ફાળવવામાં આવેલ જિલ્લાના ઉમેદવારોની સી.સી.સી.ની પરીક્ષાઓ લેવાની રહેશે. પ્રથમ તબક્કે જી.ટી.યુ.માં નોંધાયેલ ઉમેદવારોની પરીક્ષા લેવાની રહેશે. આ ઉમેદવારોની સંખ્યા પણ ઉક્ત પરિશિષ્ટ ક્રમ-૧ માં દર્શાવેલ છે. સી.સી.સી.ની આ પરીક્ષા તમામ યુનિવર્સિટીઓએ નીચેની શરતોએ લેવાની રહેશે:

(૧) આ પરીક્ષા સા.વ.વિ.ના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવથી નિયત થયેલ અભ્યાસક્રમ મુજબ લેવાની રહેશે.

(૨) આ પરીક્ષા માટે બાકી ઉમેદવારોના નામ, સરનામાની વિગતો જે તે યુનિવર્સિટીને ફાળવેલ જિલ્લા મુજબ GTU પાસેથી મેળવી લેવાની રહેશે. અને આ ઉમેદવારોને, લેવાની પરીક્ષાના સમય તથા સ્થળ અંગેની માહિતી જે તે યુનિવર્સિટીએ ઉમેદવારોને બારોબાર આપવાની રહેશે.

(૩) દરેક યુનિવર્સિટીએ તેઓ દ્વારા જે પરીક્ષા લેવાય છે, તે પરીક્ષામાં કોઇ ગેરરીતિ ન થાય તેની તકેદારી લેવાની રહેશે. અને આ પરીક્ષાની વીડીયોગ્રાફી કરી, તેઓ હસ્તક રાખવાની રહેશે. માંગણી થયેથી સરકારશ્રી સમક્ષ તે રજૂ કરવાની રહેશે.

(૪) આ પરીક્ષાના પરિણામની જાણકારી જે તે ઉમેદવારને, તેની કચેરીને અને સરકારશ્રીને કરવાની રહેશે.

(૫) યુનિવર્સિટીને તેઓ દ્વારા જેટલા ઉમેદવારોની પરીક્ષા લેવામાં આવશે તે ઉમેદવાર દીઠ સા.વ.વિ.ના તા.૨૬-૧૧-૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક.પરચ- ૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક માં નિયત થયા પ્રમાણેનું વળતર મળવાપાત્ર થશે. અને આ વળતરની રકમ GTU દ્વારા જે તે યુનિવર્સિટીને જેટલા ઉમેદવારની ફાળવણી કરશે તેના પ્રમાણમાં ભરપાઇ કરી દેવાની રહેશે.

(૬) દરેક યુનિવર્સિટીએ તેઓની યુનિવર્સિટીમાં ઉપલબ્ધ સુવિધા પ્રમાણે આ પરીક્ષા તા.૨૦-૧૨-૨૦૧૫ થી શરૂ કરી દરેક જાહેર રજાના દિવસે પ્રતિદિન ૨ થી ૩ બેચમાં યોજીને તેઓને ફાળવવામાં આવેલ બેકલોગ મોડામાં મોડા તા. ૩૧-૧-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે.

(દેવી પંડ્યા)
સંયુક્ત સચિવ(મ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ચાંદખેડા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.
રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
રજીસ્ટ્રારશ્રી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી, ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM) , અમદાવાદ.
રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ/સર્વે અધિકારીશ્રીઓ
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.
સિલેકટ ફાઈલ
*પત્ર દ્વારા

# પરિશિષ્ટ-૧

| યુનિવર્સિટી નું નામ | ફાળવવામાં આવેલ કેન્દ્રો/જિલ્લા | ઉમેદવારોની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી | અમદાવાદ | ૫૩૫૮ | ૫૩૫૮ |
| ૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી- | ૧. અમરેલી | ૨૩૦૯ | |
| | ૨. દેવભૂમિ દ્વારકા | ૧૪૩૫ | |
| | ૩. ગીર- સોમનાથ | ૧૮૦૭ | |
| | ૪. જામનગર | ૧૯૮૩ | ૧૪૧૭૩ |
| | ૫. જૂનાગઢ | ૨૦૬૭ | |
| | ૬. મોરબી | ૧૧૧૧ | |
| | ૭. પોરબંદર | ૮૬૩ | |
| | ૮. રાજકોટ | ૨૬૯૮ | |
| ૩) સરદાર પટેલ યુનિવર્સિટી | ૧. આણંદ | ૩૦૭૭ | |
| | ૨. ખેડા | ૩૦૭૩ | ૮૧૯૮ |
| | ૩. છોટા ઉદેપુર | ૨૦૪૮ | |
| ૪) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી | ૧. ભરૂચ | ૧૬૮૩ | |
| | ૨. ડાંગ | ૩૭૧ | |
| | ૩. નવસારી | ૮૮૦ | ૭૮૮૭ |
| | ૪. સુરત | ૨૫૯૦ | |
| | ૫. તાપી | ૯૫૨ | |
| | ૬. વલસાડ | ૧૪૧૧ | |
| ૫) ગુજરાત યુનિવર્સિટી | ૧. ભાવનગર | ૩૮૪૫ | |
| | ૨. બોટાદ | ૮૬૪ | |
| | ૩. મહેસાણા | ૨૩૮૯ | ૧૦૯૯૯ |
| | ૪. કચ્છ | ૩૯૦૧ | |

| | | | |
|---|---|---|---|
| ૬) એમ.એસ.યુનિવર્સિટી | ૧. દાહોદ<br>૨. પંચમહાલ<br>૩. વડોદરા<br>૪. નર્મદા | ૪૨૧૨<br>૧૧૧૦<br>૪૦૩૩<br>૨૯૧૭ | ૧૨૨૭૨ |
| ૭) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી | ૧. પાટણ<br>૨. સાબરકાંઠા | ૨૨૫૯<br>૨૧૪૪ | ૪૪૦૩ |
| ૮) ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી | ૧. અરવલ્લી<br>૨. બનાસકાંઠા<br>૩. ગાંધીનગર | ૨૩૨૮<br>૫૦૫૩<br>૧૫૭૯ | ૮૯૬૦ |
| ૯) ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રીસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM) અમદાવાદ | ૧. મહિસાગર-<br>૨. સુરેન્દ્રનગર | ૧૭૨૯<br>૨૩૩૫ | ૪૦૬૪ |
| | | કુલ | ૭૬૩૧૪ |